# સરહદ ઉપર ભીષણ ગોળીબાર યથાવત

જમ્મુ,તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સામસામે જોરદાર ગોળીબારની રમઝટ જારી રહી છે. પાકિસ્તાની સૈનિકોએ ૬૦ આઉટપોસ્ટ અને વિવિધ ગામોને ટાર્ગેટ બનાવીને ભીષણ ગોળીબાર કર્યો છે જેમાં બીએસએફના ત્રણ જવાન સહિત નવ લોકો ઘાયલ થયા છે. ૧૯૨ કિલોમીટર લાંબી સરહદ ઉપર તમામ જગ્યાએ ગોળીબાર જારી રહ્યો હતો. ૨૦૦૩ બાદથી સૌથી વિનાશકારી યુદ્ધવિરામના ભંગ બાદ આશરે ૩૦૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. પાકિસ્તાનના ગોળીબારમાં પહેલી ઓક્ટોબરથી આઠ લોકોના મોત થયા છે અને ૯ સુરક્ષા જવાન સહિત ૮૦ લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાને બીએસએફની ચોકીઓ ઉપર તોપમારો અને ગોળીબાર જારી રાખ્યો છે. જમ્મુ, સાંબા, કથુઆમાં સામસામે ગોળીબારની રમઝટ જામી છે. પાકિસ્તાની ગોળીબારના કારણે ૯૦ જેટલા સરહદી ગામોને અસર થઈ છે. પાકિસ્તાની સૈનિકોએ સાંબા, કથુઆ અને જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબારનો દોર જારી રાખ્યો છે. ભીષણ ગોળીબારના કારણે વધુ આઠ લોકો ઘાયલ થયા છે. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધ જેવી સ્થિતી વચ્ચે હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. અનાચકમાં ત્રણ લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાને ૬૦ બોર્ડર સિક્યુરિટી ફોર્સની ચોકીઓ અને કથુઆ, સાંબા અને જમ્મુમાં ૧૩૦ હેમલેટ્સને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો.

## પાકિસ્તાનને ગોળીબાર ભારે પડશે : ભારત

નવી દિલ્હી,તા. ૯

ભારતના સરંક્ષણ પ્રધાન અરૂણ જેટલીએ આજે સવારે કહ્યું હતું કે ભારત પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા હુમલા માટે પાકિસ્તાનને ભારે કિંમત ચુકવવી પડશે. સરહદ ઉપર બિનઉશ્કેરણીજનક ગોળીબાર તરત બંધ કરવા પાકિસ્તાનને સૂચન કરીને જેટલીએ કહ્યું હતું કે, સરહદ ઉપર ગોળીબાર અને ઘુસણખોરી વચ્ચે સીધા સંબંધ છે. ભારત એક જવાબદાર દેશ છે. પડોશીઓ ઉપર હુમલા કરવામાં માનતું નથી. જેટલીએ કબુલાત કરી હતી કે પાકિસ્તાની સેના કોઈ પણ ઉશ્કેણીજનક કૃત્ય વગર સતત ભારે ગોળીબાર કરી રહી છે.



જેટલીએ કહ્યું હતું કે અમને અમારા વિસ્તાર અને અમારા લોકોની રક્ષા કરવાનો પૂર્ણ અધિકાર છે. આ ઉપરાતં ભારત પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવામાં સક્ષમ છે. તેમણે કહ્યું હતું કે હાલમાં એકમાત્ર વિકલ્પ એ છે કે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવામાં આવે. ભારતીય સેના ખુબ સારી કામગીરી કરી રહી છે. જેટલીએ કહ્યું હતું કે ભારત એક જવાબદાર રાષ્ટ્ર છે. તે પહેલા કોઈ આક્રમણ કરશે નહી. તેમણે કહ્યું હતું કે આ હુમલાની પાકિસ્તાન તરફથી શરૂઆત થઈ છે. જો પાકિસ્તાન દુસાહસ જારી રાખશે તો ભારતીય સેના આ દુસાહસની કિંમતને એટલી વધારી દેશે કે કે સહન કરી શકશે નહી. આ સંદેશો પાકિસ્તાન સુધી પહોંચાડી દેવામાં આવ્યો છે.

ભારત કોઈ વાતચીત કરશે કે કેમ તે અંગે પુછવામાં આવતા જેટલીએ કહ્યું હતું કે જ્યારે ગોળીબારની રમઝટ જારી હોય ત્યારે કોઈ પણ રીતે વાત થઈ શકે નહી. તેમણે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થવાની શક્યતા પર તેઓ કોઈ અટકળ કરવા માંગતા નથી. આ માત્ર તંગદીલી વધારવાના પ્રયાસ છે આનાથી વિશેષ કશુ જ નથી. સરહદ પર હાલ પાકિસ્તાની સેના સતત ગોળીબાર કરી રહી છે. જેથી મોદી સરકારની દેશમાં રાજકીય પક્ષો દ્વારા હવે ટિકા કરવામાં આવી રહી છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને અન્ય રાજકીય પક્ષો મોદી પાસેથી કઠોર કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

ભારતની ચેતવણી છતાં પાકિસ્તાને સરહદી વિસ્તારોમાં અવિરતપણે ગોળીબાર જારી રાખ્યો છે. જેથી હવે સરહદે યુદ્ધ જેવી પરિસ્થિતી ઉભી થઈ ગઈ છે. પાકિસ્તાને જમ્મુ કાશ્મીરના પુછ જિલ્લામાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ભીષણ ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાને ભારતના આશરે ૬૦ બોર્ડર આઉટ પોસ્ટ અને ૧૩૦ સરહદી હેમલેટ્સ પર મોર્ટારનો જોરદાર મારો ચલાવ્યો છે. બન્ને પક્ષોએ જોરદાર ગોળીબાર કર્યો છે. સામસામે ગોળીબારમાં બંને પક્ષોને ભારે ખુવારી થઈ છે. સરહદી ગામોમાંથી ૩૦૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે. પાકિસ્તાની ગોળીબારમાં એક સપ્તાહમાં જ આઠના મોત થયા છે જ્યારે ઘાયલોની સંખ્યા ૮૦થી ઉપર પહોંચી ગઈ છે. બીજી બાજુ પાકિસ્તાની મિડિયામાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૧૫ પાકિસ્તાની નાગરિકોના મોત થયા છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં સાત ભારતીય નાગરિકોના મોત થયા હતા. મંગળવારથી ચાલી રહેલા ગોળીબારમાં ભારતીય સેનાના ત્રણ જવાન સહિત ૧૭ લોકો ઘાયલ થયા છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર જારી રાખ્યો છે. આ મહિનામાં ૧૯મી વખત યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાને સરહદી ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો.

**હરિયાણામાં રાહુલ ગાંધી દ્વારા આક્રમક પ્રચાર**

## જીવનરક્ષક દવાઓના ભાવ મોદી સરકારે વધારી દીધા

ફિરોઝપુર, તા.૯

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આક્રમક પ્રચારનો દોર આજે જારી રાખ્યો હતો. રાહુલ ગાંધીએ હરિયાણામાં આક્રમક પ્રચાર કરીને કેન્દ્ર ખાતેની નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા. હરિયાણાના મેવાત પ્રદેશમાં એક ચૂંટણી રેલીને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, ઉદ્યોગપતિઓ માટે જ હાલમાં કામ કરવામાં આવી રહ્યું છે. કોઈ એક અથવા બે ઉદ્યોગપતિઓ માટે સરકાર ચલાવી શકાય નહીં. માર્કેટિંગ માટે પણ સરકાર ચલાવી શકાય નહીં. ગાંધીએ કહ્યું હતું કે, મોદી સરકાર અમેરિકન કંપનીઓની તરફેણમાં જીવનરક્ષક દવાઓની કિંમતમાં વધારો કરી રહી છે. અમેરિકા જતા પહેલા મોદીએ કેન્સર, ડાયાબિટીસ માટે દવાઓની લઘુત્તમ કિંમતો દૂર કરી દીધી હતી. આનાથી અમેરિકન કંપનીઓને



ફાયદો થયો છે. જે કેન્સરની દવાઓ ૮૦૦૦ રૂપિયામાં મળતી હતી તે હવે એક લાખ સુધી પહોંચી ગઈ છે. નરેગા અને જમીન અધિગ્રહણ એક્ટ જેવા કાયદાઓને દૂર કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ સરકાર દ્વારા અગાઉ રજૂ કરવામાં આવેલા ગરીબલક્ષી કાયદાઓ માટે કોંગ્રેસ પાર્ટી લડત ચલાવશે. સરહદ ઉપર દેશના રક્ષણ મામલે મોદી નિષ્ફળ રહ્યા છે. હરિયાણાના લોકોની પ્રશંસા કરતા રાહુલે કહ્યું હતું કે, હરિયાણાના લોકો ઉપર તમામને ગર્વ છે. છેલ્લા ૧૦ વર્ષમાં હરિયાણામાં જે પ્રગતિ થઈ છે તેનાથી કોંગ્રેસને ગર્વ છે. ખેડૂતો અને સૈનિકોના યોગદાનનો ઉલ્લેખ કરતા રાહુલે કહ્યું હતું કે, હરિયાણા માટે નવા સ્લોગનની જરૂર છે અને આ સ્લોગન જય જવાન, જયકિસાન ઓર જય પહેલવાન હોવો જોઈએ. સરહદ ઉપર અમારા સૈનિકો અને ખેતરોમાં અમારા ખેડૂતો અભૂતપૂર્વ યોગદાન આપી રહ્યા છે.

**જરૂર પડશે તો હાથ મિલાવાશે : રાજ**

## ઉદ્ધવની સાથે આવવા માટે રાજ ઠાકરેએ સંકેત આપ્યો

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ ચૂંટણી બાદ ઉદ્ધવ ઠાકરે સાથે હાથ મિલાવવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. એક મરાઠી સમાચાર ચેનલને આપવામાં આવેલી મુલાકાતમાં રાજ ઠાકરેએ કહ્યું છે કે, ભાજપ



સાથે ગઠબંધન તુટી ગયા બાદ તેમની શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીત થઈ છે. રાજે કહ્યું છે કે, ઉદ્ધવે તેમને ફોન કરીને માહિતી આપી હતી.

ઉદ્ધવે કહ્યું હતું કે, ભાજપ દ્વારા શિવસેના સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં રાજ ઠાકરેએ જવાબ આપતા કહ્યું હતું કે, તેમને આ અંગે પહેલાથી જ માહિતી હતી. દરમિયાન બંને પાર્ટીઓ સાથે આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન એકબીજા ઉપર પ્રહાર કરવામાં આવશે નહીં. ચૂંટણી બાદ કેવા સમીકરણો રચાય છે તેના ઉપર તમામ બાબતોનો આધાર રહેશે. શિવસેના-ભાજપ વચ્ચેના ગઠબંધન તુટી ગયા બાદ શિવસેના અને એમએનએસના સંબંધોને લઈને વ્યાપક ચર્ચા રહી છે. આવી સ્થિતિમાં બંને પાર્ટીઓ ચૂંટણી બાદ હાથ મિલાવશે કે કેમ તેને લઈને ભારે ચર્ચા છે. મહારાષ્ટ્રમાં ૧૫મી ઓક્ટોબરના દિવસે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. આ વખતે તમામ પક્ષો જુદી જુદી રીતે લડત ચલાવી રહ્યા છે જેથી તમામ પક્ષો વચ્ચે મુખ્ય જંગ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ટિકિટો વેચવા માટે ખાનગી કંપનીઓને રેલ્વેનું નિમંત્રણ

નવી દિલ્હી,તા. ૯

રેલવે દ્વારા રીઝર્વ અને અનરીઝર્વ કેટેગરીની ટિકિટનુ વેચાણ કરવા માટે હવે ખાનગી કંપનીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. જેના પરિણામ સ્વરૂપે રેલવે ટિકિટ મેળવવા માટેનો નવો રસ્તો ખુલી ગયો છે. રેલવેની આ હિલચાલના કારણે કર્મચારી યુનિયનોમાં ભારે નારાજગી દેખાઈ રહી છે.આમાં ૫૦ મોટા સ્ટેશનોની સાફ સફાઈના કામને કોન્ટ્રાક્ટ ઉપર આપવાનો પણ નિર્ણય કરાયો છે. આના હેઠળ ખાનગી એજન્સીઓના માધ્યમથી ગેટ મિત્રોની નિમણૂંક થશે. અલબત્ત રેલવેમાં સાફ સફાઈનું કામ ટ્રેકમેન સંભાળે છે. યુનિયનોનું કહેવું છે કે, મોદી સરકાર પાછલા બારણે રેલવેના ખાનગીકરણ માટે ઓપરેશન ચલાવી રહી છે. રેલવેના જાહેર-ખાનગી ભાગીદારી મારફતે અનરિઝર્વ કોમ્પ્યુટરાઈઝ્ડ ટિકિટ વેચવાના નિર્ણયને લઈને પણ નારાજગી દેખાઈ રહી છે. રીઝર્વેશન સેન્ટરને લઈને નવા નિર્ણયથી સામાન્ય લોકોને ચોક્કસપણે રાહત થશે. યુનિયનના લોકો ભારે નારાજગી વ્યક્ત કરવાના મુડમાં છે. તેઓ ટુંક સમયમાં જ મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. યુનિયનોએ રેલવેની આ હિલચાલને બિલકુલ અયોગ્ય રીતે ગણાવીને તેની ટિંકા કરી છે. કોમ્પ્યુટરાઈઝ પેસેન્જર રીઝર્વેશન સિસ્ટમ કમ અનરીઝર્વ ટિકિટિંગ સિસ્ટમ ટર્મિનલ સ્થાપિત કરવા અને ઓપરેશન હાથ ધરવાની ખાનગી-જાહેર ભાગીદારીને મંજૂરી આપવાનો રેલવે દ્વારા નિર્ણય કરવામાં આવ્યા બાદ યુનિયનના લોકો નાખુશ છે. હાલમાં દેશભરમાં તમામ પીઆરએસ કાઉન્ટરો રેલવેના કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને ઈ ટિકિટોનુ વેચાણ કરવા માટેની મંજૂરી માત્ર સત્તાવાર ટ્રાવેલ એજન્ટોને જ આપવામાં આવેલી છે. નવા રીઝર્વેશન સેન્ટરોને યાત્રી ટિકિટ સુવિધા કેન્દ્ર નામ આપવામાં આવનાર છે. રેલવે આ યોજનાને યોગ્ય ગણાવીને કહે છે કે આ હિલચાલથી ટિકિટની ખરીદી માટેની સુવિધા વધુ વિસ્તૃત બનશે. આની શરૂઆત સાથે રેલવે પાંચ વર્ષના અનુભવ સાથેના ટિકિટિંગ એજન્ટને પણ પરવાનગી આપશે. પુરતા સાધન ધરાવનારને આ સેવાની તક મળશે. ખાનગી પ્લેયર્સને પેટર્ન પર ચાર ટર્મિનલ ઓપરેટ કરવાની મંજૂરી આપવામાં આવનાર છે. રેલવેના પીઆરએસ સેન્ટરો ખાતે જે પ્રકારની સુવિધા છે તેવી સુવિધા અહી પણ ગોઠવી દેવામાં આવનાર છે. આવનાર સમયમાં રેલવે યાત્રીઓને ટિકિટ મેળવવા માટે સ્ટેશન સુધી જવાની ફરજ પડશે નહી.

## મોદીના શૈક્ષણિક સુધારાને લઈને નવી ચર્ચા શરૂ થઈ

નવી દિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શૈક્ષણિક સુધારા પગલા હાથ ધર્યા છે જેને તમામ પ્રકારના લોકો તરફથી જુદી-જુદી પ્રતિક્રિયા મળી રહી છે. અમેરિકામાં પણ આને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. અમેરિકામાં જાણકાર લોકોનું કહેવું છે કે નરેન્દ્ર મોદી દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાથી નવી આશા જાગી રહી છે. નરેન્દ્ર મોદીએ યુવાનો માટે ઉજજવળ ભવિષ્યની વાત કરી છે. બીજીબાજુ અમેરિકાના કેટલાક અખબારોનું કહેવું છે કે મોદી દ્વારા હાથ ધરવામાં આવેલા શૈક્ષણિક સુધારાથી હિન્દુત્વને પ્રોત્સાહન મળશે સાથે-સાથે શૈક્ષણિક સુધારાઓ હિન્દુ વિચારધારાને પ્રોત્સાહન આપશે. તેમના સુધારા કોઈ એક સમુદાયને વધારે પ્રોત્સાહન આપે છે. વર્ષ ૨૦૧૪ના ચુંટણી ઢંઢેરામાં મોદીની પાર્ટી ભાજપે શિક્ષણને દેશને નવી ઉંચાઈ પર લઈ જવા માટે મહત્વપૂર્ણ અને શક્તિશાળી માધ્યમ તરીકે ગણાવીને આની વાત કરી હતી. ગરીબી સામે લડવા માટે પણ શિક્ષણને મહત્વપૂર્ણ ગણાવીને આની તરફેણ કરી હતી. મેમાં ચુંટણી પહેલા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહેલા નરેન્દ્ર મોદીએ દેશભરમાં સંચાલનમાં ગુજરાત મોડલને લાવવાની વાત કરી હતી. ઘણા મતદારો માનતા હતા કે આનાથી વધુ ડાયનામીક અર્થતંત્ર સર્જાશે. ગુજરાત રાજ્યએ વિકાસના જુદા-જુદા ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હવે ગુજરાત મોડલની વાત દેશભરમાં થઈ રહી છે. હિન્દુત્વની વિચારધારાને લઈને પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ૧૯૯૯માં ભાજપના નેતૃત્વમાં સરકાર હતી. પરંતુ તેની સરખામણીમાં હવે શૈક્ષણિક સુધારાને લઈને વધુ ચર્ચા છે. ભારતમાં રાજકીયપક્ષો પણ શિક્ષણ ક્ષેત્રને કેસરીયા રંગ આપવાના પ્રયાસનો આક્ષેપ કર્યો છે.

## હિટ એન્ડ રન : સલમાન ડ્રાઈવિંગ સીટ પર જ હતો

મુંબઈ,તા. ૯

બોલીવુડના સુપર સ્ટાર અભિનેતા સલમાન ખાનની તકલીફમાં ઉમેરો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં ચાવીરુપ સાક્ષીએ આજે કહ્યું હતું કે, એસયુવી ગાડીની ડ્રાઈવર સીટ ઉપર સલમાન ખાન જ અકસ્માતના દિવસે બેઠો હતો. જુહુમાં રેસ્ટોરન્ટથી વાહન જાય તે પહેલા સલમાન ખાન જ ડ્રાઈવિંગ સીટ ઉપર હતો. જુહુ રેસ્ટોરન્ટમાં કામ કરનાર એક કર્મચારીએ ટ્રાયલમાં આજે આ મુજબની વાત કરી હતી. પબ્લિક પ્રોસીક્યુટર પ્રદીપ ઘારત દ્વારા કરવામાં આવેલી ચકાસણી દરમિયાન આ કર્મચારીએ કહ્યું હતું કે, સલમાન ખાન વાહનમાં બેઠો હતો અને તે સ્પષ્ટપણે જોઈ રહ્યો હતો. આ ગાડી રેસ્ટોરન્ટની બહાર હતી. સલમાન ખાનનો બોડીગાર્ડ વાહનની જમણી બાજુથી બહાર આવી રહ્યો હતો. કમલખાન પણ અભિનેતાની



પાછળની સીટ ઉપર બેઠો હતો. અભિનેતાના વકીલ શ્રીકાંત શિવાડે દ્વારા મોડેથી ઉલટતપાસમાં સાક્ષીએ કમાલખાનની વાસ્તવિક સ્થિતિ અંગે માહિતી આપી હતી. અન્ય એક સાક્ષી કલ્પેશ વર્માની પણ પુછપરછ કરવામાં આવી હતી. સલમાન ખાન પણ કોર્ટમાં ઉપસ્થિત રહ્યો હતો અને ટ્રાયલની કાર્યવાહી દરમિયાન કોર્ટ રૂમની પાછળ જોવા મળ્યો હતો જેમાં જસ્ટિસ ડીડબલ્યુ દેશપાંડે નેતૃત્વ કરી રહ્યા હતા. સલમાન ખાનની ગાડી ૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે રાત્રે ફુટપાથ ઉપર ઉંઘી રહેલા કેટલાક લોકોમાં ઘુસી ગઈ હતી જેમાં એકનું મોત થયું હતું. અન્ય કેટલાક ઘાયલ થયા હતા. ફિલ્મ સ્ટાર અને ટીવી રિયાલીટી શોના હોસ્ટ સલમાનને ઓળખી કાઢનાર બાર ટેન્ડરે પણ મે મહિનામાં કહ્યું હતું કે, સલમાન ખાન દારુના નશામાં હતો કે કેમ તે અંગે તેની પાસે માહિતી નથી. હિટ એન્ડ રનના આ બનાવમાં એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. સલમાન ખાન સામે ફરીથી સમગ્ર મામલામાં ટ્રાયલ ચાલી રહી છે.

### મતદારોને પ્રભાવિત કરવા સોશિયલ મિડિયાનો ઉપયોગ

મુંબઈ, તા.૯

લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઓનલાઈન પ્રચારની સફળતાથી પ્રેરિત થઈને અન્ય રાજકીય પક્ષો પણ હવે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે સોશિયલ મિડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. સોશિયલ મિડિયા ઉપર જોરદાર જંગ દેખાઈ રહ્યો છે. એનસીપી દ્વારા શાસનવિરોધી પરિબળને લઈને આક્રમક લડત શરૂ કરી દીધી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન સરકાર દ્વારા કરવામાં આવેલા કામને રજૂ કરવા સોશિયલ મિડિયાના પ્લેટફોર્મનો ઉપયોગ એનસીપી દ્વારા કરવામાં આવી રહ્યો છે. એનસીપીના વરિષ્ઠ નેતાઓનું કહેવું છે કે, યુવાનો સુધી પહોંચવા માટે સોશિયલ મિડિયા શ્રેષ્ઠ રસ્તો છે. ભારતનતી કુલ વસ્તી પૈકી ૫૫ ટકા વસતી યુવાનોની છે.

## બે મહિનામાં રૂપિયામાં એક દિનનો સૌથી મોટો ઉછાળો

મુંબઈ,તા. ૯

ડોલર સામે રૂપિયામાં આજે બે મહિનાનો એક દિવસનો સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. ૧૪મી ઓગસ્ટ બાદથી ડોલર સામે રૂપિયો સૌથી ઉંચી સપાટીએ રહ્યો હતો. આજે શેરબજારમાં પણ તીવ્ર તેજી રહી હતી. વિદેશી ફંડ દ્વારા ઈક્વિટીમાં ૧૩.૯૫ અબજ ડોલરની ખરીદી કરવામાં આવી છે જ્યારે ડેબ્ટમાં ૨૦ અબજ ડોલરની ખરીદી કરવામાં આવી છે. આજે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૬૧.૦૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે ગઈકાલે ડોલર સામે રૂપિયો ૬૧.૩૯ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો એક વખતે ૬૦.૯૦ની સપાટીએ પહોંચ્યો હતો જે ૨૩મી સપ્ટેમ્બર બાદથી સૌથી ઉંચી સપાટી હતી.

### સમાચાર ઝલક

- અમદાવાદ-મુંબઈ રૂટ પર સુપરફાસ્ટ ટ્રેનો દોડાવાશે.
- બાળકોને પ્રચારમાં જોતરનાર પક્ષની માન્યતા રદ થશે - ચૂંટણીપંચ.
- અમેરિકામાં ૧૪૫૦૦૦થી વધુ પટેલ લોકોનો વસવાટ-અહેવાલ.
- સીરીયામાં આતંક વિરૂદ્ધ ૧૦ વર્ષના બાળકે ઉઠાવી એ.કે.૪૭
- નિયમ સૌ માટે સરખા, મોડી પટેલ ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાને તાજમહેલ જોવાની પરવાનગી ના મળી.
- રસ્તા ઉપરના ધાર્મિક બાંધકામોને ગંભીર સમસ્યા ગણાવતી - હાઈકોર્ટ.
- ગુજરાતમાં દિવાળી ન બગડે તે માટે તાકીદની સાવચેતીના આદેશો કરતું ગુપ્તચર તંત્ર.
- ઓનલાઈન ડ્રાઈવીંગ ટેસ્ટમાં પાસ થયા માત્ર ૧૧ ટકા યુવાનો.
- ગુજરાત યુનિ.માં બહારના વિદ્યાર્થીઓનો ભારે વધારો.
- સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત વડાપ્રધાન દ્વારા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીમને આમંત્રણ.
- હવે જુનાગઢમાં પોલીસ સાથે ટોળાની ઝપાઝપી.
- ખેલાડી ધ્યાનચંદ પર કરણ જોહર ફિલ્મ બનાવશે.
- સુરતમાં ફાયર બ્રિગેડ અધિકારી લાંચના છટકામાં સપડાયા.
- ખાનગી શિક્ષકોને સરકારી પગાર ચુકવવાની રીટ ફગાવતી હાઈકોર્ટ.
- ગુજરાતમાં ટૂંક સમયમાં ઊંટડીના દુધના વેચાણનો પ્રોજેક્ટ શરુ કરાશે. ૧ કરોડની જોગવાઈ.

## દિવાળી પહેલાની તેજી : ફરીથી ૩૯૦ પોઈન્ટનો મોટો ઉછાળો

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. દલાલ સ્ટ્રીટમાં દિવાળી પહેલાની તેજી આવી હોવાના સંકેત મળી રહ્યા છે. ત્રણ દિવસ સુધી મંદી રહ્યા બાદ તેજી જારી રહી હતી. ગઇકાલે મોડીરાત્રે તેની નવેસરની પોલિસીમાં યુએસ ફેડરલ રિઝર્વએ મૂડીરોકાણકારોને ફરી ખાતરી આપતા કહ્યું હતું કે, વ્યાજદરમાં વધારો કરવા માટે તેને કોઇ ઉતાવળ નથી. દલાલ સ્ટ્રીટમાં ફરી તેજી જામી રહી છે. શેરબજાર ઉપર આની સીધી અસર થઇ હતી. બેંક, મેટલ અને કેપિટલ ગુડ્ઝના શેરમાં તીવ્ર તેજી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીએસઈ સેંસેક્સ આજે ૩૯૦ પોઇન્ટ ઉછળીને ૨૬૬૩૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૧૮ પોઇન્ટ ઉછળીને ૭૯૯૧ની સપાટીએ રહ્યો હતો. ગઇકાલે મોડીરાત્રે અમેરિકી શેરબજારમાં એક ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. મોટાભાગના ઇન્ડેક્સ ૨૦૧૪ની સૌથી મોટી ઉંચી સપાટી ઉપર રહ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ છેલ્લા થોડાક સપ્તાહમાં નેટ વેચાણ કર્યું છે. છેલ્લા પાંચ કારોબારી સેશનમાં એફઆઈઆઈ દ્વારા ૨૧૭૨.૯૦ કરોડનું નેટ ઇક્વિટી વેચાણ કરાયું છે જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો નેટ ખરીદદારો તરીકે રહ્યા છે. શેરબજારમાં તેજી માટે અન્ય ઘણા પરિબળો પણ જવાબદાર રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઇકાલે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૫ પોઇન્ટ ઘટીને નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. સેંસેક્સ બુધવારે ૨૫ પોઇન્ટના ઘટાડા સાથે ૨૬૨૪૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૦ પોઇન્ટ ઘટીને ૭૮૪૩ની સપાટીએ રહ્યો હતો. ઇન્ફોસિસના નેતૃત્વમાં મોટાભાગના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઉદાસીન કારોબારના કારણે હાલત કફોડી રહી હતી. જો કે, આજે શેરબજારમાં ફરી એકવાર તેજી આવી હતી અને આને દિવાળી પહેલાની તેજી તરીકે જોવામાં આવે છે. આ તેજી હવે અકબંધ રહે તેવા સંકેત છે.

## બ્રાન્ડ વેલ્યુ મામલે મેસ્સી, રોનાલ્ડોથી ધોની આગળ

નવીદિલ્હી,તા. ૯

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ પોતાની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેર્યું છે. બ્રાન્ડ વેલ્યુના મામલામાં ધોની હવે મહાનગર ફૂટબોલ ખેલાડીઓ લીયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કરતા પણ આગળ નિકળી ગયો છે. ધોની ફોર્બ્સની સૌથી મોંઘા એથલિટ બ્રાન્ડની યાદીમાં સામેલ થઈ ગયો છે. આ યાદીમાં રહેલો ધોની એકમાત્ર ભારતીય છે. અમેરિકી બાસ્કેટબોલ ખેલાડી લીબ્રોન જેમ્સ, ગોલ્ફર ટાઈગર વુડ્સ, ટેનિસ સ્ટાર રોઝર ફેડરર, રાફેલ નડાલ ટોપ ટેનની યાદીમાં સામેલ છે. ધોની વર્ષ ૨૦૧૪માં બે કરોડ ડોલરની બ્રાન્ડ વેલ્યુની સાથે પાંચમા સ્થાને છે. ગયા વર્ષે તેની બ્રાન્ડ વેલ્યુ બે કરોડ ૧૦ લાખ ડોલર હતી. ફોર્બ્સનું કહેવું છે કે, ધોનીએ સ્પોર્ટ્સ સ્પોર્ટ્સ અને એમિટિ યુનિવર્સિટીની સાથે વર્ષ ૨૦૧૩ના અંતમાં બેટ માટે કરાર કર્યો હતો જે કુલ મળીને આશરે ૪૦ લાખ ડોલર વાર્ષિકનો હતો. આ અગાઉ રિબોકની સાથે પણ તેનો કરાર ૧૦ લાખ ડોલરનો હતો. જેમ્સ ત્રણ કરોડ ૭૦ લાખ ડોલરની બ્રાન્ડ વેલ્યુ સાથે પ્રથમ સ્થાન ઉપર છે જ્યારે ટાઈગર વુડ્સ ૨૦૦૭ બાદ પ્રથમ વખત ટોપ ઉપર નથી. ટાઈગર વુડ્સ ત્રણ કરોડ ૬૦ લાખ ડોલર સાથે બીજા સ્થાન ઉપર છે જ્યારે રોજર ફેડરર ત્રીજા ક્રમાંક ઉપર છે. ઉસૈન બોલ્ટ છઠ્ઠા, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સાતમા, મેસ્સી નવમાં અને નડાલ ૧૦માં ક્રમે છે. તેમની સંપત્તિના સંદર્ભમાં વધુ વિગત અપાઈ નથી. જુદી જુદી રીતે કમાણી કરતા લોકોની આ યાદી જારી કરાઈ છે.